# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-01-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## રાજ્યમાં મગફળીની રેકોર્ડ બ્રેક ખરીદી

**ગુજરાતભરમાં અત્યારે મગફળી અને સોયાબીન સહિતના ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદી પૂરવેગે ચાલી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભારત સરકાર દ્વારા ખરીફ પાકોનું વાવેતર થાય તે પહેલા જ ટેકાના ભાવ જાહેર કરાયા હતા. ટેકાના ભાવ બજાર ભાવથી વધુ હોવાથી ગુજરાતના ખેડૂતોએ મગફળી સહિતના ખરીફ પાકોનું પુષ્કળ વાવેતર અને ટેકાના ભાવે વેચાણ કર્યું છે. પરિણામે આ ખરીફ સીઝન દરમિયાન ગુજરાતમાં સરકાર દ્વારા મગફળીની અત્યાર સુધીની સૌથી રેકોર્ડબ્રેક ખરીદી કરવામાં આવી છે.**

**કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે મગફળી પાકનું કુલ ૧૮.૮૦ લાખથી વધુ હેકટરમાં રેકોર્ડબ્રેક વાવેતર થયું હતું. જે ગત વર્ષની સરખામણીએ ૨.૫ લાખ હેક્ટર વધુ હતું. ગુજરાતના ખેડૂતોને તેમના મબલખ ઉત્પાદિત પાકોના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠા ખાતેથી રાજ્યભરમાં ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીનો શુભારંભ કરાવ્યો હતો.**

**-----------------------------------------------------------------------------------**

## રાશન વિતરણ

**રાજ્ય સહિત કચ્છ જિલ્લામાં દર મહિને અંત્યોદય અને અગ્રતા ધરાવતા રાશનકાર્ડ ધારકોને વિનામૂલ્યે ઘઉં અને ચોખાનું વિતરણ કરાય છે. આગામી ફેબ્રુઆરી મહિના માટે સસ્તા અનાજની દુકાન પર અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવી છે. જેમાંથી 12 લાખ 16**

હજાર લાભાર્થીઓને વિનામૂલ્યે ઘઉં અને ચોખા આપવામાં આવશે. તદ ઉપરાંત 21 હજાર આઠસો સત્યાસી અંત્યોદય રાશનકાર્ડ ધારકોને પણ આવરી લેવાયા છે.

---

## કલેક્ટર દ્વારા જાહેરનામું

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત જિલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કચ્છમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી 16મી ફેબ્રુઆરીના મતદાન યોજાશે. ચૂંટણીઓ દરમ્યાન ચૂંટણી ઉમેદવાર, રાજકીય પક્ષો અથવા ઉમેદવારના કાર્યકરો સરકારી ગેસ્ટ હાઉસ, ભવનો, સદનો, સરકીટ હાઉસ, ડાક બંગલો, રેસ્ટ હાઉસ, સરકારના પબ્લિક સેક્ટર અન્ડરટેકીંગના કોઈ પણ પ્રકારના એકોમોડેશનનો ચૂંટણી પ્રચાર, સભા યોજવા, પ્રેસ કોન્ફરન્સ યોજવા માટે ઉપયોગ નહી કરી શકે તેવું જિલ્લા મેજીસ્ટ્રેટ અમિત અરોરાએ જાહેરનામું બહાર પાડ્યું છે. આ જાહેરનામાનો અમલ 21મી ફેબ્રુઆરી સુધી કરવાનો રહેશે. જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા-2023ની કલમ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવશે.

---

## મુન્દ્રા-આગથી મોત

કચ્છ જિલ્લામાં મુંદરાની સૂર્યાનગર સોસાયટીમાં આગ લાગતાં વિસ્ફોટ થયો હતો. કચ્છના અમારા પ્રતિનિધિ હેમાંગ પટણી જણાવે છે કે, વિસ્ફોટમાં પિતા-પુત્રીના મોત નીપજ્યાં છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત માતાને હોસ્પિટલમાં દાખલ કરાયાં છે.

પ્રાથમિક તપાસમાં ACના કમ્પ્રેસરમાં વિસ્ફોટ થતાં આ દુર્ઘટના સર્જાઈ છે. ભોગ બનનારો પરિવાર આંધ્રપ્રદેશનો વતની હોવાનું જણાયું છે. આ મામલે મુંદરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

---

## માંડવી બીચ પર દબાણ હટાવ ઝુંબેશ

હાલ પ્રવાસનની સિઝન ચાલુ છે ત્યારે બહારગામથી લોકો કચ્છની મુલાકાત લેતા હોય છે. પ્રવાસનના અલગ અલગ સ્થળે જતા પ્રવાસીઓ માંડવી બીચ ખાતે જાય છે ત્યારે અહીં નાના-મોટા દબાણો થવાના કારણે પ્રવાસીઓ તથા શહેરીજનોને ખુબ હાલાકી ભોગવવી પડે છે. આ સમસ્યા નિવારવા માટે માંડવી નગરપાલિકા તથા મામલતદાર દ્વારા સંયુક્ત રીતે દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરાઈ હતી. આ દબાણ કર્તાઓને તંત્ર દ્વારા ૮ દિવસ પહેલા નોટિસો અપાઈ હતી પરંતુ તેઓએ દાબણ ન હટાવાતા આખરે તંત્રનું બુલડોઝર ચાલ્યું હતું.

---

## રાજકોટ ખાતે T-20 મેચ

સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ભારતની ટીમ આજે રાજકોટમાં ઈંગ્લેન્ડ સામે ત્રીજી T20 મેચ રમશે. આ મેચ સાંજે સાત વાગે શરૂ થશે.

શનિવારે ચેન્નાઈમાં બીજી મેચ બે વિકેટથી જીતીને ભારત પાંચ મેચની ટી20 શ્રેણીમાં 2-0થી આગળ છે.

---

## હવામાન

કચ્છ જિલ્લામાં આજે વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ છવાયું હતું. જેને લીધે ઠંડીમાં રાહત જણાઇ હતી. શિયાળાના મુખ્ય શહેર ગણાતા નલિયામાં 14 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું તો ભુજમાં 17.8 અને કંડલામાં 15.6 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં માવઠું થવાની શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

---